| | | | |
|---|---|---|---|
| રજુ તારીખ | ૧૪/૧૧/૨૦૨૨ | | |
| દાખલ તારીખ | ૧૪/૧૧/૨૦૨૨ | | |
| ફેંસલ તારીખ | ૩૦/૧૨/૨૦૨૩ | | |
| **સમયગાળો** | વર્ષ | માસ | દિવસ |
| | ૦૧ | ૦૧ | ૧૬ |

**IN THE COURT PRINCIPAL CIVIL JUDGE & J.M.F.C**

**AT, PADDHARI, DIST. RAJKOT**

**(Presided Over by R.R.BARIA)**

**CC/563/2022**

**Exhibit No.**

| | |
|---|---|
| ફરિયાદી:– | શ્રી સરકાર |
| ફરિયાદપક્ષે:– | **વિદ્વાન એ.પી.પી શ્રી ડૉ.જી.એ.ઠાકર.** |
| આરોપીઓ– | ૦૧. હીતેશભાઈ મનસુખભાઈ રાજપરા–પટેલ,<br>૦૨. મેહુલભાઈ મનસુખભાઈ રાજપરા–પટેલ,<br>૦૩. કલ્પનાબેન વા.ઓ.મેહુલભાઈ રાજપરા,<br>૦૪. ધનજીભાઈ ટપુભાઈ રાજપરા–પટેલ,<br>રહે. બધાં–વીરપર, તા.ટંકારા, જી.મોરબી. |
| બચાવપક્ષે:– | **વિદ્વાન વકીલશ્રી જે.વી.ઝાલા.** |

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૧૧/૦૯/૨૦૨૨ |
| પ્રથમ બાતમી અહેવાલની તારીખ | ૧૧/૦૯/૨૦૨૨ |
| આખરી અહેવાલ રજૂ થયા તારીખ | ૧૪/૧૧/૨૦૨૨ |
| તહોમતનામું ઘડયા તારીખ | ૧૪/૧૧/૨૦૨૨ |
| પુરાવો શરૂ કર્યા તારીખ | ૧૪/૧૧/૨૦૨૨ |
| ચુકાદા માટે અનામત રાખ્યાની તારીખ | ૨૧/૧૨/૨૦૨૩ |
| ચુકાદાની તારીખ:– | ૩૦/૧૨/૨૦૨૩ |
| આખરી હુકમ:– | આરોપીઓઓને નિર્દોષ ઠરાવી છોડી મુક્યા |

## // આરોપીઓની વિગત //

| આરોપીઓનો અનુક્રમ નંબર | આરોપીઓનું નામ | ધરપકડ ની તારીખ | જામીન મુક્તિની તારીખ | તહોમત | શું નિર્દોષ છોડ્યા /સજા કરી | કરવા માં આવેલ સજા | સુનાવણી દરમ્યાન અટકાયતનો સમયગાળો ફો.કા. સંહિતાની કલમ-૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૦૧. | હીતેશભાઈ મનસુખભાઈ રાજપરા-પટેલ | - | - | આઈ.પી.સી. ની કલમ-૪૯૮(એ), ૫૦૪, ૧૧૪ મુજબ | નિર્દોષ ઠરાવી છોડી મુક્યા | - | - |
| ૦૨. | મેહુલભાઈ મનસુખભાઈ રાજપરા-પટેલ | - | - | | | | |
| ૦૩. | કલ્પનાબેન વા.ઓ.મેહુલભાઈ રાજપરા | - | - | | | | |
| ૦૪. | ધનજીભાઈ ટપુભાઈ રાજપરા-પટેલ | - | - | | | | |

## JUDGMENT

### (Delivered by R.R.Baria on ૨૦/૧૨/૨૦૨૩)

**ફરિયાદપક્ષની ટૂંકમાં હકીકત અને આરોપીઓ વિરુદ્ધનું તહોમત:-**

(૦૧) આ કામનાં ફરિયાદી દ્વારા આ કામના આરોપીઓ વિરૂદ્ધ તેઓની ફરિયાદ હકીકત પડધરી પોલીસ સ્ટેશન ખાતે જાહેર કરતા પડધરી પોલીસ સ્ટેશન. ગુ. ર. જી. નં.-૧૧૨૧૩૦૪૨૨૨૦૪૬૪/૨૦૨૨ થી આઈ.પી.સી.ની કલમ-૪૯૮(એ), ૫૦૪, ૧૧૪ મુજબ મુજબનો ગુનો રજીસ્ટ્રર કરી આગળની તપાસ શરૂ કરેલી.

(૧.૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામનાં ફરિયાદીને આ.નં.૧ વાળાએ કહેલ કે તને ઘરમાં કઈ કામ આવડતુ નથી અને તુ દીકરીઓને જ જન્મ થાય છે તથા ફરિયાદીને ગાળો આપી આ.નં.૨, ૩, ૪ નાઓ આ.નં.૧ ને ચડામણી કરી ફરિયાદીને લગ્ન થયા ત્યાંથી આજદિન સુધી મેણાંટોણાં મારી અવાર નવાર શારીરિક માનસિક ત્રાસ આપી ગાળો આપી એકબીજાની મદદગારી કરેલ જે બનાવ અંગેની ફરીયાદ ફરિયાદીએ નોંધાવતા જે પડધરી પોલીસ

સ્ટેશનમાં ગુ.ર.નં.–૧૧૨૧૩૦૪૨૨૨૦૪૬૪/૨૦૨૨ થી આઈ.પી.સી.ની કલમ–૪૯૮(એ), ૫૦૪, ૧૧૪ મુજબની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

**પોલીસ તપાસ :–**

(૦૨) ફરિયાદીની ફરિયાદ આધારે તપાસ કરનાર અમલદાર દ્વારા ગુન્હાનું સંજ્ઞાન લઈ તપાસ સંભાળી લઈ લાગતા વળગતા સાક્ષીઓના નિવેદનો લીધેલ તેમજ તપાસ દરમ્યાન આરોપીઓ વિરૂદ્ધ પુરતો પુરાવો જણાઈ આવતા ગુનાનું ચાર્જશીટ કરેલ હતું.

**કોર્ટ કાર્યવાહી :–**

(૦૩) તપાસ કરનાર અમલદારે રજુ કરેલ ચાર્જશીટ આધારે ગુન્હાનું સંજ્ઞાન લઈ આરોપીઓ વિરૂદ્ધ પ્રોસેસ ઈસ્યુ કરવા હુકમ કરેલ. જે આરોપીઓને સમન્સ ધોરણસર બજવણી થતા આરોપીઓ અદાલત સમક્ષ હાજર થતા તેઓને આપવાના પોલીસ પેપર્સની નકલ પુરી પાડ્યા અંગે ખાતરી કરેલ. જે બાદ આરોપીઓને ફરીયાદ મુજબનો આક્ષેપ મુજબનું આરોપીઓનો આંક–૦૮ થી તહોમતનામું ફરમાવી આંક–૦૯ થી ૧૨ સુધી જવાબ–પ્લી લીધેલ છે. જે બાદ હાલનું કામ ફરિયાદીના પુરાવા માટે મુલત્વી રાખેલ છે. જે બાદ ફરિયાદપક્ષે રજુ કરેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ આ સાથે પરિશિષ્ટથી સામેલ છે.

**આરોપીઓનો બચાવ તથા વિશેષ નિવેદન :–**

(૦૪) ફરિયાદપક્ષે તેઓનો પુરાવો આંક–૩૮ થી કલોઝીંગ પુરસીસ રજુ કરી પુર્ણ કર્યાનું જાહેર કરતા ફરિયાદપક્ષના કેસમાંથી આરોપીઓ વિરૂદ્ધ નિકળી આવતા સંજોગો તરફે આરોપીઓનું ઘ્યાન દોરવા ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ અન્વયે આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવા લાયક પુરાવો મળી આવેલ ન હોય

આરોપીઓનું વિશેષ નિવેદન લેવામાં આવેલ નથી. તેમજ આરોપીઓએ તેઓના બચાવના સમર્થનમાં કોઈ મૌખિક તે દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ નથી.

**<u>પક્ષકારો તર્ફેની દલીલો :-</u>**

(૦૫) હાલના કામે ફરિયાદપક્ષે વિ.એ.પી.પીશ્રી ડો.જી.એ.ઠાકર તથા આરોપીઓ તરફે તેઓનાં વિદ્વાન વકીલશ્રીની દલીલો સાંભળવામાં આવેલ છે. જે દલીલોનું પુનરાવર્તન ન થાય તે હેતુસર કારણો સાથે તે અંગે ચર્ચા કરવામાં આવેલ છે.

**<u>આરોપીઓ વિરૂધ્ધનું તહોમત / મુદ્ધા :-</u>**

(૦૬) ફરિયાદપક્ષ દ્ધારા રજુ થયેલ પુરાવા તેમજ પક્ષકારો તરફે કરેલ દલીલો આધારે આ કેસના ન્યાયીક નિર્ણયો માટે અત્રેની અદાલત સમક્ષ નીચે મુજબના મુદ્ધા ઉપસ્થિત થાય છે.

**-: મુ દ્ધા :-**

૦૧) શું ફરીયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામનાં ફરિયાદીને આ.નં.૧ વાળાએ કહેલ કે તને ઘરમાં કઈ કામ આવડતુ નથી અને તુ દીકરીઓને જ જન્મ થાય છે તથા ફરિયાદીને ગાળો આપી આ.નં.૨, ૩, ૪ નાઓ આ.નં.૧ ને ચડામણી કરી ફરિયાદીને લગ્ન થયા ત્યાંથી આજદિન સુધી મેણાંટોણાં મારી અવાર નવાર શારીરિક માનસિક ત્રાસ આપી ગાળો આપી એકબીજાની મદદગારી કરી આઈ.પી.સી.ની કલમ-૪૯૮(એ), ૫૦૪, ૧૧૪ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે?

૦૨) શું હુકમ ?

(૦૭) ઉપરોકત મુદ્ધાના મારા નિર્ણયો નીચે મુજબ છે.

૦૧) નકારમાં,

૦૨) આખરી હુકમ મુજબ.

**<u>ન્યાય નિર્ણય :</u>-**

(૦૮) (૮.૦) ફોજદારી ન્યાયશાસ્ત્રનો સિદ્ધાંત ધ્યાને લેતા, આ કામનાં ફરિયાદીને આ.નં.૧ વાળાએ કહેલ કે તને ઘરમાં કઈ કામ આવડતુ નથી અને તુ દીકરીઓને જ જન્મ થાય છે તથા ફરિયાદીને ગાળો આપી આ.નં.૨, ૩, ૪ નાઓ આ.નં.૧ ને ચડામણી કરી ફરિયાદીને લગ્ન થયા ત્યાંથી આજદિન સુધી મેણાંટોણાં મારી અવાર નવાર શારીરિક માનસિક ત્રાસ આપી ગાળો આપી એકબીજાની મદદગારી કર્યા અંગેની ફરીયાદ આપતા પોલીસે ગુનો નોંધી તપાસ કરનાર અધિકારી યોગ્ય તે તપાસની કાર્યવાહી કરી ચાર્જશીટ ફાઇલ કરેલ છે. ક્રિમીનલ જસ્ટીશ ડીલીવરી સીસ્ટમ મુજબ ફરીયાદપક્ષે આરોપીઓ સામે મુકવામાં આવેલ તહોમત નિ:શંકપણે પુરવાર કરવાનો હોય છે અને તેમાં આરોપીઓ દોષિત છે તેવો પુરાવો વિશ્વાસનીય પુરાવો ફરીયાદપક્ષે રજુ કરવાનો હોય છે. આરોપીઓ પોતે નિર્દોષ છે તેવું આરોપીઓ પુરવાર કરવાનું હોતુ નથી. ફોજદારી કેસોમાં આરોપીઓને કાયદાના પ્રસ્થાપિત સિદ્ધાંતો મુજબ દોષિત ઠરાવવાની જવાબદારી ફરીયાદપક્ષ ઉપર આવે છે અને ત્યાં સુધી ટ્રાયલ દરમ્યાન આરોપીઓ નિર્દોષ છે તેવા મંતવ્ય સાથે ટ્રાઇલ પુર્ણ કરવાની છે. પરંતુ આરોપીઓ નિર્દોષ છે તે અંગેના અનુમાનનું ખંડન કરવાની જવાબદારી તેમજ પુરતો અને વિશ્વસનીય પુરાવો રજુ કરવાની જવાબદારી ફરીયાદપક્ષની હોય છે અને જો ફરીયાદપક્ષ પોતાની આ જવાબદારીમાં નિષ્ફળ જાય તો તેનો લાભ આરોપીઓને મળવો જોઇએ. ભારતીય પુરાવા અધિનિયમની કલમ-૩ મુજબ પુરાવાનું મુલ્યાંકન કરતી વખતે ફક્ત Prove અને Not Prove લખવામાં આવે છે. કોઇ હક્કિતનું અસ્તિત્વ સાબિત માનવું તે પુરાવા ના આધારે આરોપીઓ નિર્દોષ છે

કે દોષિત છે તે અંગે ઠરાવ કરવામાં આવે છે. પુરાવાના પ્રકારો ઘ્યાને લેતા પ્રત્યક્ષ પુરાવો, સાંભળેલો પુરાવો તેમજ સાંયોગિક પુરાવો હોય છે. સાંયોગીક પુરાવો ભારીય પુરાવા અધિનિયમની કલમ–૩ મુજબ રીલીવન્ટ ફેકટ એટલે કે જરુરી તથ્ય તેમજ કલમ–૬ મુજબ પુરાવાઓની સાંકળ થી પુરવાર થાય છે. આમ, આ કામે જ્યારે હાલના તહોમતદાર સામે ભારતીય દંડ સહિતાની કલમ–૪૯૮(ક) મુજબના ગુનાનો આક્ષેપ છે, ત્યારે ફરિયાદપક્ષે તે ગુનો નિ:શંકપણે પુરવાર કરવા માટે, નીચે મુજબના તત્વો સાબિત કરવા પડે.

**ભારતીય ફોજદારી ધારોની કલમ–૪૯૮(એ) ની સાબિતી માટેના તત્વો નીચે મુજબ છે.**

- ભોગ બનનાર સ્ત્રી પરિણીત હતી.
- આવી સ્ત્રીને ક્રુરતાનો ભોગ બનાવવામાં આવી હતી.
- એવું ઈરાદાપૂર્વકનું વર્તન કરવામાં આવ્યું હતું કે જે કારણે સ્ત્રી આત્મહત્યા કરવા પ્રેરાય અથવા પોતાની જાતને ગંભીર ઈજા પહોંચાડે અથવા જિંદગી, શરીરના કોઇ અવયવ કે માનસિક અથવા શારીરિક આરોગ્યને જોખમમાં મુકવા પ્રેરાય.
- સ્ત્રી કે તેણીના સગા દબાણથી કોઇ મિલકત કે કિંમતી જામીનગીરી માટેની ગેરકાનુની માંગણી પુરી કરે તે માટે ત્રાસ આપવામાં આવે અથવા સ્ત્રી કે તેણીના સગા આ માંગણી સંતોડી શક્યા ન હોય તે માટે આવો ત્રાસ આપવામાં આવતો હતો.
- આવો ત્રાસ અથવા ક્રુરતા પતિ કે પતિના સગા દ્ધારા આપવામાં આવ્યો હતો.

(૮.૧) વધુમાં, ભારતીય દંડ સહિતાની કલમ–૪૯૮(ક) મુજબનો ગુનો ક્યારે સાબિત થયેલ ગણાય, તે અંગે નામદાર ગુજરાત હાઈકોર્ટનો **Indrasing M.Raol V/s State of Gujarat,** 1999(3) **GLR** 2536 નો ચુકાદો ધ્યાને લેવામાં આવે તો તે ચુકાદાના પારા–૧૬ માં અનેક ચુકાદાઓની ચર્ચા કર્યા બાદ નામદાર હાઈકોર્ટ ઠરાવેલ છે કે,

Whether such solitary incident can be considered to be the cruelty or harassment envisaged by sec.498–A of Indian Penal Code is the question posed for consideration. As made clear, hereinabove, every act of cruelty or harassment is not made a crime under sec.498–A The prosecution has to, as made clear herein above, establish that the cruelty or harassment was unabated, incessant and persistent and being grave in nature unbearable; and the same was with the intention to force the woman to commit suicide or to fulfill illegal demand or dowry of the husband or her in–laws. At this stage, reference of two decisions may be made. The High Court of Bombay has also taken the same view in the case of Sarla Prabhakar Waghmare V. State of Maharashtra,1990 Cri.L.J 407 observing that every harassment or every type of cruelty would not attract

Sec.498-A. It must be establish that beating and harassments was with a view to force the wife to commit suicide or fulfill illegal demands of husband or her inlaws. The Supreme Court has also taken the same view in the case of State of Maharashtra Vs Ashok Chotelal Shukla, 1997(11) SCC 26 observing that the prosecution has to establishthat the accused committed acts of harassment or cruelty as contemplated by sec.498-A, and such harassment or cruelty must be the cause forcing the wife to commit the suicide. what can be decuced from these authorities is that a solitary incident cannot be interpreted to be the sufficient evidence of cruelty or harassment attracting Sec.498-A because in that case, incessant, persistent and sufficiently grave cruelty as is likely to drive the woman to a point of desperation leaving her with no option except to think about suicide will be absent. In other words, a single incident will not incite a woman to commit suicide the improvident act, believing that life is now not worth living. Even if in some case it incites, the same will not attract Sec.498-A as persistency or

incessancy will be lacking. The Section when envisages that cruelty or harassment must be unabated, continuous or recurring and unbearable one or two incidents casually taking place, may therefore, attract another penal provisions of Indian Penal Code, but will not attract Sec.498–A of Indian Penal Code.

(૮.૨) આમ, ભારતીય દંડ સંહિતાની કલમ–૪૯૮(ક) મુજબના ગુન્હાના ઉપરોક્ત તત્વો તથા સદરહું ગુનો ક્યારે સાબિત થયેલ ગણાય તે અંગે નામદાર ગુજરાત હાઇકોર્ટના ઉપરોક્ત ચુકાદામાં પ્રતિપાદીત કરેલ સિદ્ધાંત ધ્યાને લઇ તેમજ ઉપરોકત મુદ્દાઓના નિર્ણય કરતા અગાઉ ફરિયાદ પક્ષે પોતાનો કેસ પુરવાર કરવા તપાસેલા સાહેદોની જુબાની જોવી આવશ્યક જણાતી હોય તેની ચર્ચા કરવામાં આવેલ છે.

(૮.૩) ફરિયાદપક્ષ તરફે ફરિયાદી ઈલાબેન રમેશભાઈ રોજમાળા આંક–૨૨ થી તેઓની જુબાનીમાં એવી હકીકત જણાવે છે કે, ફરીયાદ મે આશરે ૮ થી ૯ મહીના અગાઉ કરેલ. મારા લગ્ન આરોપી હીતેષભાઈ સાથે સામાજીક રીતીરીવાજ મુજબ આશરે સાત વર્ષ પહેલા થયેલ. અમારા આરોપી નં–૧ સાથેના લગ્ન થયા બાદ આશરે શરૂઆતમા ૪ વર્ષ સુધી સારી રીતે ચાલેલ. અમારે લગ્નના આશરે એક વર્ષ બાદ દીકરીનો જન્મ થયેલ અને મારા કાકાજી સસરા ધનજીભાઈની ચડમાણીથી મારા પતી મને કહેતા કે દીકરો નથી દીકરી છે તેમજ ઘરના કામ કાજ બાબતે રોક ટોક કરતા તથા સમાજીક વ્યવહાર બાબતે રોકટોક કરતા હતા તેમજ મારા દીયર મેહુલભાઈ

પણ મારા પતીની ચડામણી કરતા આ મારા દીયર પણ મારા પતીને ઘરના કામ કાજ તથા વ્યવહાર ની બાબતે ચડામાણી કરતા હતા તેમજ મારા દીયર જણાવતા કે સામાજીક વ્યવહાર તેઓને પુછીને કરવાના, તેમજ મારા દેરાણી કલ્પનાબેન પણ મારા પતીની ચડામણી કરતા અને કહેતા કે ખુબજ પૈસા ઉડાડે છે તેમજ રસોઈ બનાવતા આવડતી નથી તેમ કહેતા તેમજ દીકરો જોઈયે દીકરી જોઈયે નહી તેમ કહી ને મારા પતી ની ચડામણી કરતા હતા મારે આરોપી સાથેના લગ્નજીવનથી તા.૬/૬/૨૨ ના રોજ બીજી દીકરીનો જન્મ થતા મારા કાકાજી સસરા એ કહેલ કે આ ને ઘરે શુ કામ લાવેલ છો તેમ કહીને મારા પતીની ચડમણી કરતા તથા મને જમવાનુ પુરૂ આપતા નહી તેમજ બીજી દીકરી આવેલ તે મારા દેરાણી ને ગમેલ નહી. મારે બીજી દીકરી નો જન્મ થતા તે નાની હતી તે સમયે તેને પથારીમા પેસાબ કરતા મારી દેરાણી તે બાબતે મને જેમ તેમ બોલાવા લાગેલ અને કહેલ કે દીકરી આવેલ છે દીકરો નથી આવ્યો સાચવતા નથી આવડતુ અને આ વાત મારા દેરાણીએ મારા પતીને કરતા જેથી મારા પતી એ તે બાબતે મને માર મારલ અને મારા વાળ પકડી ને ખેચલ. મારી માતાનો ફોન આવતા મે મારી માતાને આ તમામ હકીકતની જાણ કરેલ જેથી મારોભાઈ તેના કાથી મોરબી આવેલ અને તે મારી ખબર પુછવા ઘરે આવેલ જેથી આરોપીઓએ તેની સાથે ઝઘડો કરેલ પછી મારા નંણદોયા એ મારા ભાઈને કહેલ કે આને તેડી જવા જેથી મારો ભાઈ મને તેડી ગયેલ અને ત્યારપછીથી હુ મારા પીયરમા છુ અને પછી મારા નંણદોયાને મે તથા મારા ભાઈ એ ફોન કરતા તેઓ એ જણાવેલ કે

જે કરવુ હોય તે કરો તુ જોઈતી નથી. મે મારા પતી ને ફોન કરતા મારા પતી એ મારો નંબર બ્લોક કરી દીધેલ. મારા પાંચ વડીલ સમાધાન કરવા માટે મારી સાસરીમા ગયેલ તો આ લોકો એ દરવજો બંધ કરી દેધલ અને વડીલો ને મળેલ નહી જેથી વડીલો પાછા આવતા રહેલ અને ત્યારબાદ મે બનાવની ફરીયાદ આપેલી મને ફરીયાદ બતાવાવા આવે છે તે જોઈને કહુ છુ કે તેમા મારી સહી છે જે ફરીયાદ રજુ દા.આંક–૨૩.

બચાવપક્ષ તરફે તેઓનાં વિ.વ.શ્રી દ્ધારા ઉલટ તપાસ કરવામાં આવતા તેઓ એ હકિકતનો સ્વીકાર કરે છે કે, હું અને મારા પતિ અલગ રહેતા હતા. એ હકીકતનો ઈન્કાર કરે છે કે, મે પોલીસ ફરિયાદમાં એ હકીકત લખાવેલ નહીં કે "મારા કાકાજી સસરા ધનજીભાઈની ચડવણીથી મારા પતિ મને કહેતા કે દીકરો નથી દીકરી છે તેમજ ઘરનાં કામકાજ બાબતે રોકટોક કરતા તથા સામાજીક વ્યવહાર બાબતે રોકટોક કરતા હતા તેમજ મારા દીયર મેહુલભાઈ પણ મારા પતિની ચડામણી કરતા. એ હકીકતનો ઈન્કાર કરે છે કે, મે પોલીસ ફરિયાદમાં એ હકીકત લખાવેલ નહીં કે "મારા દેરાણી કલ્પનાબેન પણ મારા પતિની ચડામણી કરતા અને કહેતા કે ખુબ જ પૈસા ઉડાડે છે તેમજ રસોઈ બનાવતા આવડતી નથી". તેમજ એ હકીકતનો ઈન્કાર કરે છે કે, મે પોલીસ ફરિયાદમાં એ હકીકત લખાલ નહી કે "મારે બીજી દીકરીનો જન્મ થતા તે નાની હતી તે સમયે તેને પથારીમાં પેસાબ કરતા મારી દેરાણી તે બાબતે મને જેમ તેમ બોલાવા લાગેલ અને કહેલ કે દીકરી આવેલ છે દીકરો નથી આવ્યો સાચવતા નથી આવડતુ અને આ વાત મારા દેરાણીએ મારા પતિને કરતા જેથી મારા પતિ તે બાબતે મને માર મારેલ અને મારા વાળ પકડીને ખેંચેલ" અને એ

હકીકતનો ઈન્કાર કરે છે કે, હું આરોપી સાથે ઘર સંસાર ચલાવવા માંગતી નથી અને મારે આરોપી સાથે રહેવુ  ન હોય મે ખોટી ફરિયાદ કરેલ છે.

(૮.૪) ત્યારબાદ ફરિયાદપક્ષ તરફે સાહેદ મિતેશભાઈ રમેશભાઈ રોજમાળા આંક–૨૭ થી તેઓની જુબાનીમાં એવી હકીકત જણાવે છે કે, હાલના કામના ફરિયાદી ઇલાબેન રમેશભાઇ રોજમાળા મારા સગા બહેન થાય છે. મારી બહેનના લગ્ન આશરે આઠ વર્ષ પહેલા ટંકારાના વીરપરગામે હિતેશબાઇ મનસુખભાઇ રાજપરા સાથે હિન્દુ શાસ્ત્રોક્ત વિધિ મુજબ કરવામાં આવેલ હતા. લગ્ન બાદ મારા બહેન તેમની સાસરીમાં ટંકારા મુકામે રહેતા હતા. આ લગ્ન જીવનથી મારી બહેને બે દિકરીઓ છે જેમાં મોટી દિકરી નામે ક્રિષ્વા ઉ.વ.આ.૮ તથા નાની દિકરી માન્યાની ઉ.વ.આ.૦૧ વર્ષ છે.  મારી બહેનને બે દિકરીઓ થયેલ અને મારા બનેવીને દિકરો જોતો હતો તેથી મારી બહેનને બીજી દિકરી આવ્યા બાદ અવાર નવાર મારી બહેનને શારિરિક અને માનસિક ત્રાસ આપતા હતા અને બહેનને જણાવતા હતા કે તને ઘરનું કામકાજ ફાવતું નથી અને રસોઈ પણ બનાવતા આવડતું નથી અને કામકરતા સરખુ ફાવતું નથી આવું કહીને ઘરમાં કંકાસ ઉભો કરતા હતા. મારા બનેવી સિવાય બીજા કોઇ વ્યક્તિ મારી બહેનને ત્રાસ આપતા ન હતા. આ બધી વાત મારા બહેને મને ફોન પર કીધેલ અને તે બાબતે મેં મારા માતાને વાત કરેલ હતી. મારી બહેનના કાકાસસરા ધનજીભાઇ, તેમના દિયર મેહુલભાઇ અને તેમના પત્ની કલ્પના બહેન દેરાણી મારા બનેવીને મારી બહેન વિરૂદ્ધમાં ચઢામણી કરતા હતા કે તને આના કરતા સારૂ મળી જાશે તેમ કહેતા હતા. આશરે ત્રણેક વર્ષ પહેલા આ જ બાબતે બહેનના ઘરમાં કંકાસ થયેલ હોય મારી બહેન રીસામણે આવેલી અને ત્યારે ઘરમેળે બધા બેસી સમાધાન કરી મારા બનેવીના ઘરે  ઘરસંસાર માટે મોકલેલ હતી. મારી બહેનને બીજી દિકરીનો

જન્મ થયા બાદ હું મારી બહેનના ઘરે આટો મારવા ગયેલ ત્યારે હું ઘરમાં ચા–પાણી કર્યા બાદ મારા બનેવી હિતેશભાઇએ મને કહેલ કે તારી બહેનને લઈ જા મારે જોતી નથી તેથી હું મારી બહેનને અને બન્ને દિકરીઓને તેડી લાવેલ હતો. અમો એ બનેવી અને તેમના ઘરના સભ્યો સાથે સમાધાન ની વાત કરેલ પરંતુ સમાધાન ની તેઓ એ ના પાડેલ હતી. આ બનાવ બાબતે મારી બહેને પડધરી પો.સ્ટેમાં ફરીયાદ આપેલ હતી આ બાબતે પોલિસે મારી પુછપરછ કરેલ હતી. આજરોજ મારા બનેવી કોર્ટ માં હાજર છે મેં તેમને ઓળખી બતાવું છું.

બચાવપક્ષ તરફે તેઓનાં વિ.વ.શ્રી દ્બારા ઉલટ તપાસ કરવામાં આવતા તેઓ એ હકિકતનો ઈન્કાર કરે છે કે, મારા બહેને મને ફોન પર વાત કરેલ નહિ. સાહેદ જણાવે છે કે ફોન મારામાં આવતા મેં ઘરે વાત કરેલ હતી. એ હકિકતનો ઈન્કાર કરે છે કે, આરોપીએ મારી બહેનને કોઇ પણ પ્રકારનું શારીરીક માનસિક ત્રાસ આપેલ ન હોવા છતાં પૈસા પડાવવા માટે હાલનો ખોટો કેસ કરેલ છે અને મેં મારી બહેનને તેડી લાવેલ હતી. એ વાત ખરી નથી કે મારી બહેનની ખોટી ફરીયાદના સમર્થનમાં હાલની ખોટી જુબાની આપુ છું.

(૮.૫) ત્યારબાદ ફરિયાદપક્ષ તરફે રમેશભાઈ કેશાભાઈ રોજમાળા આંક–૩૧ થી તેઓની જુબાનીમાં એવી હકીકત જણાવે છે કે, હાલના કામની ફરીયાદ મારી દિકરી નામે ઇલાબેને આપેલ છે. મારી દિકરીના લગ્ન સાતેક વર્ષ પહેલા વીરપર તા.ટંકારા, જી.મોરબી રહેવાશી હિતેશભાઇ મનસુખભાઇ રાજપરાનાઓ સાથે સગા સબંધીઓની હાજરીમાં હિન્દુ શાષ્ત્રોક્ત વિધીથી કરાવેલ હતા અને લગ્ન બાદ મારી દિકરી તેનો તમામ કરીયાવરનો સામાન લઇને તેના પતિ અને અમારા જમાઇના ઘરે રહેવા ગયેલ હતી. ત્યાં જમાઇ અને મારી દિકરી જ રહેતા હતા. આ લગ્ન જીવન સારૂ

ચાલતુ હોય હિતેશભાઇ થકી મારી દિકરીને સંતાનમાં બે દિકરીઓ છે જેમાં મોટી દિકરી ક્રિશ્વા, ઉમંર ૦૭ વર્ષ અને બીજી દિકરી નામે મિત્તલ ઉ.વ.આ ૧.૫ વર્ષ ના જન્મ થયેલ છે. જે હાલ અમારી પાસે રહે છે. મારી દિકરી ઈલા પણ હાલ મારી સાથે રહે છે. મારી દિકરીને બીજી દિકરીનો જન્મ થતા મારા જમાઇએ મારી દિકરીને તકલીફ કરવાનું શરૂ કરેલ અને મારી દિકરીને દુખ ત્રાસ આપતા હતા અને મારી દિકરીને મારા જમાઈ કહેતા હતા મેણા ટોણા મારતા હતા કે અમારે દિકરો જોઇએ છે અને તુંએ ફરીવાર દિકરીને જન્મ આપ્યો છે અને તને રસોઈ બનાવતા નથી આવડતું, તને ઘરકામ કરતા આવડતું નથી અને તું તારા માવતર જતી રહિશ તો મને કોઈ વાંધો નથી. આ બધી વાત મારી દિકરીએ મને જણાવેલ તેથી જમાઈ સાથે સમાધાન કરવા માટે અમારા સમાજના વડિલો સાથે અવાર નવાર વાત અમો એ કરેલ હતી. મારા દિકરા મિતેશને મારા જમાઇએ ફોન કરેલ કે તું અહિયા આવી તારી બહેનને લઈ જા અને હું પછી તેડવા આવીશ. તેમ કહેતા મારા દિકરાએ મારી દિકરીને અહિયા માવતર લઈ આવેલ પરંતુ જમાઈ દિકરીને તેડવા આવેલ નહિ. અમારા સમાજના વડીલો અમારા જમાઇને મળવા માટે ગયેલ અને સમાધાનની વાત કરેલ ત્યારે અમારા જમાઇએ અમારા સમાજના વડીલોને જણાવેલ કે મારે તેને રાખવી નથી તેમ જણાવેલ. હાલ મારી દિકરી તથા મારી બે પૌત્રી અમારા ઘરે રહે છે.

બચાવપક્ષ તરફે તેઓનાં વિ.વ.શ્રી દ્વારા ઉલટ તપાસ કરવામાં આવતા તેઓ એ હકિકતનો સ્વીકાર કરે છે કે, મારો દિકરો મારી દિકરીને તેડી લાવેલ હતો. સાહેદ જણાવે છે કે જમાઇએ ફોન કરીને જણાવેલ એટલે મારો દિકરો તેડવા ગયેલ હતો. એ હકીકતનો ઈન્કાર કરે છે કે, મારી દિકરીને તેની સાસરીમાં કોઇ મેણા ટોણા મારતા ન હતા. એ હકીકતનો સ્વીકાર કરે છે કે, મારી દિકરીને મારા જમાઈ

મેણા ટોણા મારતા હતા તેવા કોઈ મેણા ટોણા મેં સાંભળેલ નથી. એ હકીકતનો ઈન્કાર કરે છે કે, આવો કોઈ બનાવ બનેલ નથી. તેમ છતાં મારી દિકરીની ખોટી ફરીયાદના સમર્થનમાં મેં ખોટી જુબાની આપુ છું.

(૮.૬) ત્યારબાદ ફરિયાદપક્ષ તરફે કાંતાબેન રમેશભાઈ રોજમાળા આંક–૩૨ થી તેઓની જુબાનીમાં એવી હકીકત જણાવે છે કે, હાલના કામની ફરીયાદ મારી દિકરી નામે ઈલાબેને આપેલ છે. મારી દિકરીના લગ્ન સાતેક વર્ષ પહેલા વીરપર તા.ટંકારા, જી.મોરબી રહેવાશી હિતેશભાઇ મનસુખભાઇ રાજપરાનાઓ સાથે સગા સબંધીઓની હાજરીમાં હિન્દુ શાષ્ત્રોક્ત વિધીથી કરાવેલ હતા અને લગ્ન બાદ મારી દિકરી તેનો તમામ કરીયાવરનો સામાન લઈને તેના પતિ અને અમારા જમાઈના ઘરે રહેવા ગયેલ હતી. ત્યાં જમાઇ અને મારી દિકરી જ રહેતા હતા. આ લગ્ન જીવન સારૂ ચાલતુ હોય હિતેશભાઇ થકી મારી દિકરીને સંતાનમાં બે દિકરીઓ છે જેમાં મોટી દિકરી ક્રિશ્વા, ઉમંર ૦૭ વર્ષ અને બીજી દિકરી નામે મિત્તલ ઉ.વ.આ ૧.૫ વર્ષ ના જન્મ થયેલ છે. જે હાલ અમારી પાસે રહે છે. મારી દિકરી ઈલા પણ હાલ મારી સાથે રહે છે. મારી દિકરીને બીજી દિકરીનો જન્મ થતા મારા જમાઇએ મારી દિકરીને તકલીફ કરવાનું શરૂ કરેલ અને મારી દિકરીને દુખ ત્રાસ આપતા હતા અને મારી દિકરીને મારા જમાઈ કહેતા હતા મેણા ટોણા મારતા હતા કે અમારે દિકરો જોઈએ છે અને તુંએ ફરીવાર દિકરીને જન્મ આપ્યો છે અને તને રસોઈ બનાવતા નથી આવડતું, તને ઘરકામ કરતા આવડતું નથી અને તું તારા માવતર જતી રહિશ તો મને કોઈ વાંધો નથી. આ બધી વાત મારી દિકરીએ મને જણાવેલ તેથી જમાઈ સાથે સમાધાન કરવા માટે અમારા સમાજના વડિલો સાથે અવાર નવાર વાત અમો એ કરેલ હતી. મારા દિકરા મિતેશને મારા જમાઇએ ફોન કરેલ કે તું અહિયા આવી તારી

બહેનને લઇ જા અને હું પછી તેડવા આવીશ. તેમ કહેતા મારા દિકરાએ મારી દિકરીને અહિયા માવતર લઈ આવેલ પરંતુ જમાઈ દિકરીને તેડવા આવેલ નહિ. અમારા સમાજના વડીલો અમારા જમાઇને મળવા માટે ગયેલ અને સમાધાનની વાત કરેલ ત્યારે અમારા જમાઇએ અમારા સમાજના વડીલોને જણાવેલ કે મારે તેને રાખવી નથી તેમ જણાવેલ. હાલ મારી દિકરી તથા મારી બે પૌત્રી અમારા ઘરે રહે છે.

બચાવપક્ષ તરફે તેઓનાં વિ.વ.શ્રી દ્વારા ઉલટ તપાસ કરવામાં આવતા તેઓ એ હકિકતનો સ્વીકાર કરે છે કે, મારો દિકરો મારી દિકરીને તેડી લાવેલ હતો. સાહેદ જણાવે છે કે જમાઇએ ફોન કરીને જણાવેલ એટલે મારો દિકરો તેડવા ગયેલ હતો. એ હકીકતનો ઈન્કાર કરે છે કે, મારી દિકરીને તેની સાસરીમાં કોઇ મેણા ટોણા મારતા ન હતા. એ હકીકતનો સ્વીકાર કરે છે કે, મારી દિકરીને મારા જમાઇ મેણા ટોણા મારતા હતા તેવા કોઇ મેણા ટોણા મેં સાંભળેલ નથી. એ હકીકતનો ઈન્કાર કરે છે કે, આવો કોઇ બનાવ બનેલ નથી. તેમ છતાં મારી દિકરીની ખોટી ફરીયાદના સમર્થનમાં મેં ખોટી જુબાની આપુ છું.

(૮.૭) ત્યારબાદ ફરિયાદપક્ષ તરફે સાગરભાઈ રોજમાળા આંક–૩૩ થી તેઓની જુબાનીમાં એવી હકીકત જણાવે છે કે, હાલના કામની ફરીયાદ મારી બહેન નામે ઇલાબેને આપેલ છે. મારી બહેનના લગ્ન સાતેક વર્ષ પહેલા વીરપર તા.ટંકારા, જી.મોરબીના રહેવાશી હિતેશભાઇ મનસુખભાઇ રાજપરાનાઓ સાથે સગા સબંધીઓની હાજરીમાં હિન્દુ શાષ્ત્રોક્ત વિધીથી કરાવેલ હતા અને લગ્ન બાદ મારી બહેન તેનો તમામ કરીયાવરનો સામાન લઇને તેના પતિ અને મારા જીજાજીના ઘરે રહેવા ગયેલ હતી. ત્યાં મારા જીજાજી અને મારી બહેન જ રહેતા હતા. આ લગ્ન જીવન સારૂ ચાલતુ હોય હિતેશભાઇ થકી મારી બહેનને સંતાનમાં બે દિકરીઓ છે જેમાં

મોટી દિકરી ક્રિશ્વા, ઉમંર ૦૭ વર્ષ અને બીજી દિકરી નામે મિત્તલ ઉ.વ.આ ૧.૫ વર્ષ ના જન્મ થયેલ છે. જે ત્રણેય હાલ અમારા ઘરે રહે છે. મારી બહેનને બીજી દિકરીનો જન્મ થતા મારા જીજાજીએ મારી બહેનને તકલીફ કરવાનું શરૂ કરેલ અને મારી બહેનને દુખ ત્રાસ આપતા હતા અને મારી બહેનને મારા જીજાજી કહેતા હતા મેણા ટોણા મારતા હતા કે અમારે દિકરો જોઇએ છે અને તુંએ ફરીવાર દિકરીને જન્મ આપ્યો છે અને તને રસોઇ બનાવતા નથી આવડતું, તને ઘરકામ કરતા આવડતું નથી અને તું તારા માવતર જતી રહિશ તો મને કોઇ વાંધો નથી. આ બધી વાત મારી બહેને મને તથા મારા ઘરનાઓને જણાવેલ તેથી જીજાજી સાથે સમાધાન કરવા માટે અમારા સમાજના વડિલો સાથે અવાર નવાર વાત મારા પિતાજીએ કરેલ હતી. મારા નાના ભાઇ મિતેશને મારા જીજાજીએ ફોન કરેલ કે તું અહિયા આવી તારી બહેનને લઇ જા અને હું પછી તેડવા આવીશ. તેમ કહેતા મારા નાના ભાઇએએ મારી બહેનને અહિયા માવતર લઇ આવેલ પરંતુ મારા જીજાજી મારી બહેનને તેડવા આવેલ નહિ. અમારા સમાજના વડીલો મારા જીજાજીને મળવા માટે ગયેલ અને સમાધાનની વાત કરેલ ત્યારે મારા જીજાએ અમારા સમાજના વડીલોને જણાવેલ કે મારે તેને રાખવી નથી તેમ જણાવેલ. હાલ મારી બહેન તથા મારી બે ભાણેજ અમારા ઘરે રહે છે.

બચાવપક્ષ તરફે તેઓનાં વિ.વ.શ્રી દ્વારા ઉલટ તપાસ કરવામાં આવતા તેઓ એ હકિકતનો સ્વીકાર કરે છે કે, મારો નાનો ભાઈ મારી બહેનને તેડી લાવેલ હતો. સાહેદ જણાવે છે કે જમાઇએ ફોન કરીને જણાવેલ એટલે મારો દિકરો તેડવા ગયેલ હતો. એ હકીકતનો ઈન્કાર કરે છે કે, મારી બહેનને તેની સાસરીમાં કોઇ મેણા ટોણા મારતા ન હતા. એ હકીકતનો સ્વીકાર કરે છે કે, મારી બહેનને મારા જમાઇ મેણા ટોણા મારતા હતા તેવા કોઇ મેણા ટોણા મેં સાંભળેલ નથી. એ

હકીકતનો ઈન્કાર કરે છે કે, આવો કોઇ બનાવ બનેલ નથી. તેમ છતાં મારી બહેનની ખોટી ફરીયાદના સમર્થનમાં મેં ખોટી જુબાની આપુ છું.

(૦૯) (૯.૦) સદરહું કામે હાલનાં કામના આરોપીઓ વિરૂદ્ધ ભારતીય ફોજદારી ધારાની કલમ–૪૯૮(ક), ૫૦૪, તથા ૧૧૪ નો ગુન્હો છે. ત્યારે સદરહું કામે ફરીયાદપક્ષ દ્વારા રજુ કરવામાં આવેલ રેકર્ડ ઉપરના પુરાવાઓ હાલના કામે ભોગ બનનાર ફરીયાદીની તથા સાહેદોની જુબાનીઓને એકીસાથે વંચાણે લેવામાં આવે તો ફરિયાદી આંક–૨૨ થી રજુ તેઓની જુબાનીમાં સદર કામનાં તમામ આરોપીઓ ફરિયાદીને શારીરિક અને માનસિક ત્રાસ આપેલ હોવાની હકીકત જણાવેલ છે. જ્યારે આંક–૨૭ થી તપાસવામાં આવેલ સાહેદ તેઓની સરતપાસમાં આ કામનાં ફરિયાદીની તેઓનાં બનેવી એટલે કે ફરિયાદીનાં પતિ સિવાય બીજા કોઈ વ્યક્તિ ત્રાસ આપતા ન હોવાની હકીકત જણાવે છે તેમજ આંક–૩૧, ૩૨ તથા ૩૩ થી તપાસવામાં આવેલ સાહેદો તેઓની જુબાનીમાં ફરિયાદીનાં પતિ ફરિયાદીને ત્રાસ આપતા હોવાનું જણાવેલ છે અને તે સિવાય અન્ય કોઈએ ફરિયાદીને ત્રાસ આપેલ હોય તેવી કોઈ હકીકત તેઓની સરતપાસમાં જણાવતા નથી. તેમજ ફરિયાદી તેઓની જુબાનીમાં તેણીના પતિ દ્વારા તેણીને માર મારેલ હોવાનું અને વાળ પકડીને ખેંચેલ હોવાની હકીકત જણાવેલ છે. જ્યારે સદર હકીકત અંગે તપાસવામાં આવેલ તમામ સાહેદોની જુબાનીઓને વંચાણે લેવામાં આવે તો ફરિયાદીને તેણીનાં પતિએ માર મારેલ હોય કે ફરિયાદીને વાળ પકડીને ખેંચેલ હોય તેવી કોઈ હકીકત તેઓની સરતપાસમાં જણાવેલ નથી તેમજ ફરિયાદીની ફરિયાદમાં સદર હકીકત જણાવેલ ન હોવાનું જણાઈ આવે છે. આમ, ફરિયાદી તેઓની જુબાનીમાં વધારાની હકીકત જણાવતા હોવાનું જણાઈ આવે છે. આમ, ફરિયાદીને તેના પતિ દ્વારા કોઈ માર

મારવામાં આવેલ હોય કે વાળ પકડીને ખેંચેલ હોવા અંગેની હકીકતને મૌખિક કે દસ્તાવેજી પુરાવાથી સમર્થન મળતુ નથી. તેમજ ફરિયાદી તેઓની સરતપાસમાં “મારી માતાનો ફોન આવતા મે મારી માતાને આ તમામ હકીકતને જાણ કરેલ જેથી મારો ભાઈ તેના કાથી મોરબી આવેલ અને તે મારી ખબર પુછવા ઘરે આવેલ જેથી આરોપીઓએ તેની સાથે ઝઘડો કરેલ પછી મારા નણંદોયા એ મારા ભાઈને કહેલ કે આને તેડી જાવ જેથી મારો ભાઈ મને તેડી ગયેલ" હોવાનું જણાવેલ છે. જ્યારે સદર કામે રજુ ફરિયાદીની ફરિયાદને વંચાણે લેવામાં આવે તો તેમાં ફરિયાદમાં “આજથી બે મહીના પહેલા મારો ભાઈ મારી પાસે આટો મારવા આવેલ હોય અને ત્યારે મે મારા સાસરીયાના ત્રાસ અંગેની વાત કરી મારા ભાઈ સાથે મારા માવતરનાં ઘરે પહેરેલ કપડે આવતી રહેલ", તેમજ સદર કામે આંક-૨૭ થી તપાસવામાં આવેલ સાહેદ એટલે કે ફરિયાદીનાં ભાઈ તેઓની સરતપાસમાં જણાવેલ છે કે, “મારી બહેનને બીજી દીકરીનો જન્મ થયા બાદ હું મારા બહેનનાં ઘરે આટો મારવા ગયેલ ત્યારે હું ઘરમાં ચા-પાણી કર્યા બાદ મારા બનેવી હિતેશભાઈએ મને કહેલ કે તારી બહેનને લઈ જા મારે જોતી નથી તેથી હું મારી બહેનને અને બંન્ને દીકરીઓને તેડી લાવેલ હતો. જ્યારે આંક-૩૧, ૩૨ તથા ૩૩ થી તપાસેલ સાહેદોએ "મારા નાના દીકરા/ભાઇ મિતેશને મારા જમાઈ/જીજાજીએ ફોન કરેલ કે તું અહિયા આવી તારી બહેનને લઇ જા અને હું પછી તેડવા આવીશ. તેમ કહેતા મારા નાના દીકરા/ભાઇએ મારી દીકરી/બહેનને અહિયા માવતર લઇ આવેલ" હોવાનું જણાવેલ છે. આમ, સદર બનાવ અંગે પણ ફરિયાદી તથા સાહેદો અલગ અલગ અને વિરોધાભાસી હકીકત જણાવતા હોવાનું જણાઈ આવે છે. વધુમાં, ફરિયાદી તેઓની જુબાનીમાં આ કામનાં આરોપીઓ સાથે સમાધાન કરવા માટે પાંચ વડીલો ફરીયાદીની સાસરીમાં ગયેલ

ત્યારે આરોપીઓએ દરવાજો બંધ કરી દીધેલ અને વડીલોને ન મળતા વડીલો પરત પાછા આવતા રહેલ હોવાની હકીકત જણાવેલ છે. જ્યારે આંક–૩૧, ૩૨ તથા ૩૩ થી તપાસવામાં આવેલ સાહેદો તેમની સરતપાસમાં "અમારા સમાજનાં વડીલો અમારા જમાઈને મળવા માટે ગયેલ અને સમાધાનની વાત કરેલ ત્યારે અમારા જમાઈએ અમારા સમાજનાં વડીલોને જણાવેલ કે મારે તેને રાખવી નથી" હોવાની હકીકત જણાવેલ છે. આમ, ફરિયાદી તેઓની સરતપાસમાં આ કામનાં આરોપીઓને સમાજનાં વડીલો મળવા ગયેલ ત્યારે દરવાજો બંધ કરી દીધેલ હોવાનું જણાવે છે જ્યારે તપાસવામાં આવેલ સાહેદો તેમની સરતપાસમાં સમાજનાં વડીલો મળવા માટે ગયેલ અને સમાધાનની વાત કરેલ" હોવાનું જણાવે છે. આમ, સદર હકીકત બાબતે પણ ફરિયાદી તથા તપાસવામાં આવેલ સાહેદો પોતાની જુબાનીમાં એક જ બનાવ અંગે અલગ અલગ અને વિરોધાભાસી હકીકત જણાવતા હોવાનું જણાઈ આવે છે. આમ, આ કામના ફરિયાદપક્ષ તરફે રજુ કરવામાં આવેલ મૌખિકત તથા દસ્તાવેજી પુરાવાઓને જોતાં ઇ.પી.કો. કલમ–૪૯૮(ક) મુજબનો ગુનો પુરવાર કરવા માટે **"ઇન્દ્રજય એમ.રાવળ વિરુદ્ધ સ્ટેટ ઓફ ગુજરાત" ૧૯૯૯ (૩) જે.એલ. આર. પાના નં.૨૩૫૬** ના ચુકાદામાં જણાવેલ હકીકતો રેકર્ડ પર આવેલ ન હોય તેમજ ફરિયાદપક્ષે આ કામના આરોપીઓ વિરુદ્ધ ઈ.પી.કો.કલમ–૪૯૮(ક) હેઠળનો ગુનો પુરવાર કરવામાં નિષ્ફળ નીવડેલ છે તેમ અત્રેની કોર્ટનું માનવું છે. સદર કામે ફરિયાદી તથા તપાસવામાં આવેલ સાહેદોની જુબાની તથા રેકર્ડ ઉપરનો પુરાવો જોતા પ્રોસીક્યુશેનના કેસને નિઃશંકપણે શંકાથી પર સમર્થનકારી પુરાવા મળેલ નથી. તેઓએ પોલીસ રૂબરૂ નિવેદનમાં તેમજ કોર્ટ રૂબરૂ જુબાનીમાં અલગ અને વિરોધભાસી તેમજ વધારાની હકીકત જણાવતા હોવાનું જણાઈ આવેલ છે.

વધુમાં, ફરિયાદીએ એવો આક્ષેપ કરેલ છે કે, આરોપીઓએ ફરિયાદીને શારીરિક ત્રાસ આપેલ છે. પરંતુ સદર હકીકત બાબતે કઈ રીતે ક્યારે અને ક્યા સંજોગોમાં ફરિયાદીને શારીરિક ત્રાસ આરોપીઓ દ્વારા આપવામાં આવેલ તેવી પણ કોઈ હકીકત ફરિયાદપક્ષના પુરાવાઓ પરથી શંકા રહીત પુરવાર કરતા હોવાનું જણાય આવતું નથી. આમ, ઉપરોક્ત ચર્ચા કર્યા મુજબ ફરિયાદપક્ષના પુરાવા પરથી ફરિયાદીને આપવામાં આવતા ત્રાસ અંગે સાતત્યભરી અને વિશ્વાસપાત્ર હકીકત જણાઈ આવતી નથી. તેમજ એ કામે ફરિયાદપક્ષે ફરિયાદીને આપવામાં આવતા ત્રાસ બાબતે તેમના અડોશ પડોશ કે અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોને ફરિયાદીની જુબાનીના સમર્થનમાં તપાસેલ નથી તેમજ તપાસવામાં આવેલ સાહેદોની જુબાનીથી પણ ફરિયાદીને શારીરિક ત્રાસ આપેલ હોવાની હકીકતને સમર્થન મળતુ નથી. તે સંજોગોમાં ફરિયાદપક્ષે રેકર્ડ ઉપરથી આ કામના ફરિયાદીને આરોપીઓ તરફથી સતત અને અસહ્ય હોય તેવો ત્રાસ, આપવામાં આવતો હતો કે જેથી ફરિયાદી આત્મહત્યા કરવા પ્રેરાય અથવા તો ફરિયાદીના સગા કે ફરિયાદીને દબાણથી કોઈ મિલકત કે કિમતી જામીનગીરી માટેની કોઈ ગેરકાનુની માંગણી કરે તે માટે આપવામાં આવતા હતા તેવુ પુરવાર કરી શકેલ ન હોય જેથી પ્રોસીક્યુશન આ કામના આરોપીઓ વિરૂદ્ધ ઇ.પી.કો કલમ-૪૯૮(એ) તથા ૧૧૪ હેઠળનો ગુનો નિ:શંકપણે પુરવાર કરેલ છે તેમ કહી શકાય નહિ.

(૯.૧) વધુમાં, ફરિયાદપક્ષે વિ.એ.પી.પીશ્રી એ ઇ.પી.કો. કલમ-૫૦૪ અંગે દલીલ કરતા જણાવેલ છે કે ફરિયાદમાં કે ફરિયાદીની જુબાનીમાં આરોપીએ બોલેલા તેવા જ શબ્દ રેકર્ડ પર આવેલ ન હોય તો પણ આરોપીઓને ઇ.પી.કો કલમ-૫૦૪ મુજબ તકસીરવાન ઠરાવી શકાય તેવી દલીલ કરી પોતાની દલીલના સમર્થનમાં

નામદાર સર્વોચ્ચ અદાલત ના ***Fiona Shrikhande Vs State of Maharashtra and another,*** *2014* ***AIR (SC)*** *957* નો ચુકાદો રજુ કરેલ છે. સદર ચુકાદના પેરા ૧૪ તથા ૧૫ ને ધ્યાને લેવામાં આવે તો....

***Para.*** *14 We may also indicate that it is not the law that the actual words or language should figure in the complaint. one has to read the complaint as a whole and by doing so, if the Magistrate comes to a conclusion, prima facie, that there has been an intentional insult so as to provoke any person to break the public peace or to commit any other offence, that is sufficient to bring the complaint within the ambit of section 504 IPC. It is not the law that a complainant should verbatim reproduce each word or words capable of provoking the other person to commit any other offence. The background facts, circumstances, the occasion, the manner factors to be borne in mind while examining a complaint lodged for initiatating proceeding under section 504 IPC.*

***Para.*** *15 We have already extracted the relevant portions of the complaint. If the are so read in the above*

*legal setting, in our view, a prima facie case has been made out for initiating proceedings for the offence alleged under section 504 o IPC.*

ઉપરોક્ત ચુકાદો ધ્યાનમાં લેવામાં આવે તો જયારે ઇ.પી.કોની કલમ–૫૦૪ અંગેની કોઇ ખાનગી ફરિયાદ હોય કે નામદાર કોર્ટએ સંજ્ઞાન લઇ ફોજદારી ઇન્સાફી કાર્યવાહીની શરૂઆત કરવાની હોય તેવા સંજોગોમાં આરોપીઓ એ ઉચ્ચારેલા–બોલેલા વાસ્તવિક શબ્દો ફરિયાદમાં જણાવેલ ન હોય તો પણ પ્રથમ દર્શનિય રીતે ઇ.પી.કો ની કલમ–૫૦૪ ના તત્વો જણાઇ આવે તો સંજ્ઞાન લઇ આગળની કાર્યવાહી કરી શકાય તેવો સિદ્ધાંત પ્રસ્થાપિત કરવામાં આવેલ છે. પરંતુ હાલના કેસમાં આરોપીઓ વિરૂદ્ધની ઇન્સાફી કાર્યવાહી પુર્ણ થયેલ છે અને ફરિયાદપક્ષનો પુરાવો રેકર્ડ પર આવેલ છે, આમ સદર જજમેન્ટના સંજોગો અને હાલના કેસના સંજોગો અલગ હોય ફરિયાદપક્ષે રજુ થયેલ ઉપરોકત સુપ્રિમ કોર્ટનું જજમેન્ટ ફરિયાદપક્ષને મદદરૂપ થશે નહિ. વધુમાં ઇ.પી.કો કલમ–૫૦૪ હેઠળ તકસીરવાન ઠરાવવાના આવશ્યક તત્વો જોવામાં આવે તો, આરોપીએ એવા શબ્દોનું ઉચ્ચારણ કરેલ હોવું જોઇએ કે જેથી તે ઉચ્ચારણ જેના સંબંધમાં હોય તેનું અપમાન થયુ હોય અને સદર ઉચ્ચારણ જાહેર શાંતિ જોખમે તેવું હોવું જોઇએ. આ કામે તપાસવામાં આવેલ સાહેદોની જુબાની જોતા, આરોપીઓએ ગાળો બોલેલ હતી તેવી જુબાની રેકર્ડ પર આવેલ છે પરંતુ તેનાથી જાહેર શાંતિ તથા સલામતીનો ભંગ થાય તેવી હકિકત તથા આરોપીઓએ બોલેલા ચોક્કસ શબ્દો પણ રેકર્ડ પર આવેલ નથી તથા આ કામના આરોપીઓને ઇ.પી.કો. કલમ–૫૦૪ હેઠળ તકસીરવાન ઠરાવવા જેટલી હકિકત ફરિયાદપક્ષે પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરતા ન હોય આરોપીઓને

સદર ગુના હેઠળ તકસીરવાન ઠરાવી શકાય નહિ. વધુમાં નામદાર ગુજરાત હાઈકોર્ટએ ***Pravinbhai Becharbhai Vankar Vs State of Gujarat,*** *2007(1)* ***GLH*** *337* ના ચુકાદામાં એમ ઠરાવેલ છે કે..

*In order to convict an accused under Section–504 of Indian Penal Code, the actual words used by the accused must be brought on record by the prosecution from the mouth of the witness. The insult envisaged by Section–504 must not only be intentional but also thereby must give provocation to person insulted to breach public peace or to commit any other offence.*

આમ, નામદાર ગુજરાત વડી અદાલતે એમ ઠરાવેલ છે કે, આરોપીને ઇ.પી.કો કલમ–૫૦૪ હેઠળ તકસીરવાન ઠરાવવા માટે વાસ્તવમાં જે શબ્દ બોલેલો તે શબ્દો રેકર્ડ પર આવવા જોઇએ પરંતુ તે શબ્દો રેકર્ડ પર આવેલ ન હોઇ, જેથી પણ પ્રોસીક્યુશન આ કામના આરોપીઓ વિરૂદ્ધ ઇ.પી.કો કલમ–૫૦૪ હેઠળનો ગુનો નિ:શંકપણે પુરવાર કરેલ છે તેમ કહી શકાય નહિ.

(૧૦) જેથી ઉપરોક્ત જણાવ્યા મુજબનાં તમામ સંજોગોમાં સદર કામે ફરિયાદપક્ષે આ કામના આરોપીઓ સામે ભારતીય ફોજદારી ધારો, ૧૮૬૦ ની કલમ–૪૯૮(એ), ૫૦૪, ૧૧૪ મુજબના ગુનાનુ તહોમતનામું શંકાથી પર સાબીત કરવામાં અથવા નિષ્ફળ ગયેલ હોય મુદ્દા નં.૧ ના જવાબ નકારમાં આપી મુદ્દા નં. ૨ પરત્વે નીચે મુજબ હુકમ કરવામાં આવેલ છે.

**–:: હુ ક મ ::–**

(૦૧) આ કામના આ.નં.૧–હીતેશભાઈ મનસુખભાઈ રાજપરા–પટેલ, આ.નં.૦૨–મેહુલભાઈ મનસુખભાઈ રાજપરા–પટેલ, આ.નં.૦૩–કલ્પનાબેન વા.ઓ.મેહુલભાઈ રાજપરા તથા આ.નં.૦૪–ધનજીભાઈ ટપુભાઈ રાજપરા–પટેલ, રહે. બધાં–વીરપર, તા.ટંકારા, જી.મોરબી નાઓને ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૫(૧) અન્વયે આઈ.પી.સી.ની કલમ–૪૯૮(એ), ૫૦૪, ૧૧૪ મુજબના ગુનાઓમાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૦૨) સદર ચુકાદા વિરૂધ્ધ ભવિષ્યમાં અપીલ થાય તો તેવા સંજોગોમાં એપેલેટ કોર્ટ સમક્ષ આરોપીઓની હાજરી ઉપલબ્ધ રહે તે હેતુથી ક્રિમિનલ પ્રોસીજર કોડ ૧૯૭૩ ની કલમ: ૪૩૭(ક) ની જોગવાઇ મુજબ અગાઉના જામીનદાર ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે અને જો આરોપીઓના અગાઉના જામીન ના હોય તો તે સંજોગોમાં આરોપીઓએ રૂા.૫૦૦૦/–ના અપીલ સમયના નવા જામીનખત અને જાત–મુચરકા રજૂ કરવા.

હુકમ તારીખ–૩૦/૧૨/૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૩૦/૧૨/૨૦૨૩<br>
પડધરી

**(રશ્મિકાંત રામચંદ્ર બારીઆ)**<br>
**જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,**<br>
**પડધરી,જી.રાજકોટ**<br>
**UID GJ–01609**

# -:ચુકાદાનું પરિશિષ્ટ:-

## ફરિયાદપક્ષ/બચાવપક્ષ/અદાલતના સાક્ષીઓની યાદી

### અ. ફરિયાદપક્ષ

| નં. | સાહેદનું નામ | આંક | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| ૧. | ઈલાબેન રમેશભાઈ રોજમાળા | ૨૨ | ફરિયાદી |
| ૨. | મિતેશભાઈ રમેશભાઈ રોજમાળા | ૨૭ | સાહેદ |
| ૩. | રમેશભાઈ કેશાભાઈ રોજમાળા | ૩૧ | સાહેદ |
| ૪. | કાંતાબેન રમેશભાઈ રોજમાળા | ૩૨ | સાહેદ |
| ૫. | સાગર રમેશભાઈ કેશાભાઈ રોજમાળા | ૩૩ | સાહેદ |

### બ. બચાવપક્ષના સાક્ષી, જો હોય તો

| નં. | સાહેદનું નામ | આંક | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| - | -- | -- | -- |

### ક. અદાલતના સાક્ષી, જો હોય તો

| નં. | સાહેદનું નામ | આંક | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| - | -- | -- | -- |

## ફરિયાદપક્ષ/બચાવપક્ષ/અદાલતના દસ્તાવેજોના આંકની યાદી

### અ. ફરિયાદપક્ષના દસ્તાવેજ

| અનુ ક્રમ | આંક | વર્ણન |
|---|---|---|
| ૧. | ૨૩ | અસલ ફરિયાદ |

### બ. બચાવપક્ષના દસ્તાવેજ

| અનુ ક્રમ | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| - | - | - |

## ક. અદાલતના દસ્તાવેજ

| અનુ ક્રમ | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| —— | —— | —— |

## ડ. ભૌતિક પદાર્થ

| અનુ ક્રમ | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧. | —— | —— |
| ૨. | —— | —— |

તા.૩૦/૧૨/૨૦૨૩
પડધરી

**(રશ્મિકાંત રામચંદ્ર બારીઆ)**
**જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,**
**પડધરી,જી.રાજકોટ**
**UID GJ–01609**

njb